# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૧/ક્વા-૨/૧૯-૨૦/ ૮૨૭૧–j** **તા.૧૭–૧૨–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૧/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **ચંપાબેન જીવરાજભાઈ ટાંક** ગામ: **રાજકોટ**
રજૂઆત કરનાર: **અરજદાર ના પ્રતિનિધિ તરીકે શૈલેષભાઈ જીવરાજભાઈ ટાંક હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જે.મેહતા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૪-૧૨-૨૦૧૯ ( બુધવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૧-૦૯-૨૦૧૯ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. **અરજદાર ના પ્રતિનિધિ તરીકે શૈલેષભાઈ જીવરાજભાઈ ટાંક હાજર રહેલ** હતા. પીજીવીસીએલ તરફથી કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જે.મેહતા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩ હાજર રહેલ** હતા. ત્યારબાદ સદર કેસની સુનાવણી તા. ૦૪-૧૦-૨૦૧૯ (શુક્રવાર )ના રોજ રાખવામાં આવેલ હતી જેમાં **અરજદાર ના પ્રતિનિધિ તરીકે શૈલેષભાઈ જીવરાજભાઈ ટાંક હાજર રહેલ** હતા **તેમજ** પીજીવીસીએલ તરફથી કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જે.મેહતા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩ હાજર રહેલ** હતા જેમાં ફોરમ દ્વારા સવાલવાળા મીટરનો મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં અરજદારની હાજરીમાં ટેસ્ટ કરીને રિપોર્ટ રજુ કરવા સુચના આપેલ. ત્યારબાદ સદર કેસની સુનાવણી તા. ૧૩-૧૧-૨૦૧૯ ( બુધવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં **અરજદાર હાજર રહેલ ન હતા તેમજ** પીજીવીસીએલ તરફથી કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જે.મેહતા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩ હાજર રહેલ** હતા. ત્યારબાદ સદર કેસની સુનાવણી તા. ૦૪-૧૨-૨૦૧૯ ( બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર ચંપાબેન જીવરાજભાઈ ટાંક ગામ -કાલાવડ રોડ, તેઓની અરજીના નોંધણી નં: ૪૧/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે**, તેઓએ વર્ષ–૨૦૧૦ માં શીવધારા–કોમ્પલેક્ષ દુકાન નં.–૧૦૫ યુની. રોડ – રાજકોટ ખાતે લીધેલ હતી. ત્યારે મીટર ચાલુ હાલતમાં હતુ. ત્યારબાદ, સદર દુકાન બંધ હતી – તેમજ વીજબીલ મળેલ નથી. તપાસ કરતા જણાયેલ કે – સદર વીજજોડાણ વર્ષ–૨૦૦૪ થી કાયમી ઘોરણે રદબાતલ થયેલ છે. ત્યારબાદ, વર્ષ–૨૦૧૮ માં પત્ર તા.૧૮–૧૨–૧૮ થી ચડત યુનીટ નુ બીલ રૂ.૧,૭૭,૦૦૦/– બનેલ છે. આમ, વીજજોડાણ વર્ષ–૨૦૦૪ થી કાયમી ઘોરણે રદબાતલ થયેલ હોવા છતા – સ્થળ પર મીટર માથી વીજવપરાશ ચાલુ હોય તો મીટર લગાડયા અંગે ના પુરાવા સામેવાળા દ્વારા અરજદાર પાસેથી માંગવામા આવેલ હોય, જેથી – અરજદારે કોઈ જ વીજવપરાશ કરેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે કાલાવડ રોડ સબડીવીઝન ના ગ્રાહકશ્રી વીનોદ પી. દતા, ગ્રાહક નં. ૩૯૯૧૫/૦૯૧૬**૭/૨** થી વાણિજય હેતુ માટેનું ૦.૫ કિ.વો.નું વિજ જોડાણ ધરાવતા હતા. સદર વિજ જોડાણ તા. ૨૪/૧૦/૨૦૦૧ ના રોજ કાલાવડ રોડ સબડીવીઝન ેથી રીલીઝ કરવામાં આવેલ અને ત્યારબાદ ગ્રાહકના સદર સ્થળ પર વિજ વપરાશ પ્રમાણેના વિજ બિલો નિયમિત રીતે આપવામાં આવતા હતા. આ વિજ બિલો ગ્રાહક દ્વારા નિયમિત રીતે ન ભરાતા હોવાના કારણે બિલના નાણાં રકમ રૂા. ૪૯૦૦.૦૦ પૂરાં બાકી હોવાથી કાલાવડ રોડ સબડીવીઝન દ્વારા સદર સ્થળ પરથી મીટર સર્વિસ ઉતારી લેવામાં આવેલ. આમ, સદર જગ્યા પરથી મીટર તથા સર્વિસ જમા લઈ લીધા બાદ ગ્રાહક દ્વારા નાણાં ન ભરવાના કારણે આ વિજ જોડાણ તા. ૦૪/૧૨/૨૦૦૪ ના રોજ કાયમી ધોરણે રદ કરવામાં આવેલ. ત્યારબાદ ગ્રાહકે તા. ૧૫/૧૨/૨૦૦૪ ના રોજ રૂા. ૬૦૦૦.૦૦ પૂરાં ભરપાઈ કરી આપેલ અને સંભવતઃ આ સમયે ગ્રાહકે રીકનેકશનનો નિયત ચાર્જ ભરપાઈ કરેલ હોઈ તેમ પણ માની શકાય. અને રીકનેકશન ચાર્જના આધારે સદર સ્થળ પર પુનઃ વિજ જોડાણ ચાલુ થયેલ હોઈ તેવી શકયતા જણાઈ છે પરંતુ કાયમી ધોરણે વિજ જોડાણ રદ કર્યા બાદ સીસ્ટમમાં ફરી પાછુ બીલીંગ ચાલુ થવું જોઈએ તે એક યા બીજા કારણસર થઈ શકેલ નથી તેવું ગ્રાહકનું લેઝર ખરાઈ કરતાં જણાય છે અને આમ આ કેસ તા. ૪/૧૨/૨૦૦૪ થી નોન બીલીંગનો હોવાનું માલુમ પડે છે. અરજદાર ગ્રાહક સુશ્રી ચંપાબેન જીવરાજભાઈ ટાંક દ્વારા સદર સ્થળ પર આવેલ દુકાન વેચાણ દસ્તાવેજ નં. ૧૧૮૭૯ થી તા. ૧૩/૦૭/૨૦૧૦ થી ખરીદ કરેલ છે. આ બાબત તેઓ દ્વારા નવું વિજ જોડાણ મેળવવા માટે તા. ૧૨/૦૭/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ અરજીના અને તેમાં જોડવામાં આવેલ દસ્તાવેજી પુરાવાના આધારે ધ્યાનમાં આવેલ છે. આમ, સ્પષ્ટ થાય છે કે અરજદાર ગ્રાહક દ્વારા સદર સ્થળે વર્ષ ૨૦૦૪ માં પુનઃ વિજ જોડાણ ચાલુ કરવા સમયે લગાવેલ વિજ મીટરમાંથી વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૮ દરમ્યાનમાં સદર સ્થળે વિજ વપરાશ કરેલ છે અને અરજદાર ગ્રાહકને બિલ ન મળતું હોઈ તેના કારણે નોન બીલીંગનો કેસ બનેલ છે અને સદર સ્થળ પર લગાવેલ નવા મીટરમાં વપરાશ થયેલ યુનિટ ૨૫૫૮૩ નું વિજ બિલ આપવાનું થાય છે જે કાલાવડ રોડ સબડીવીઝન દ્વારા ગ્રાહકને આપવામાં આવેલ છે. આમ, આ કેસ નોન બીલીંગનો હોઈ ગ્રાહકને આપવામાં આવેલ બીલ પડતર રહેલ યુનિટનું નથી પરંતુ નોન બીલીંગનું હોવાથી અરજદાર ગ્રાહકને આપવામાં આવેલ બીલના નાણાં વસુલાત લેવા જરૂરી છે.

૩.૧ ઉપરોક્ત બાબતોને ધ્યાને લેતાં ગ્રાહકે સમજણપૂર્વક વિજ બીલ ન મળતું હોવા છતાં વર્ષ ૨૦૧૦ થી વર્ષ ૨૦૧૮ દરમ્યાનમાં વિજ વપરાશ કરેલ છે અને એક પણ વખત કચેરીનો સંપર્ક કરી વિજ બીલ ન મળતું હોવાની જાણ પણ કરેલ નથી. પરંતુ તેઓના ધ્યાને આવેલ કે સદર સ્થળ પર લાગેલ વિજ મીટરનું વિજ બિલ વર્ષોથી બનતું નથી તે બાબતને સમજણપૂર્વક દબાવી દેવા માટે અને કચેરીને અંધારામાં રાખીને નવું વિજ જોડાણ મેળવવા માટે તા. ૧૨/૦૭/૧૮ ના રોજ નિયમ અનુસાર એ–૧ ફોર્મ ભરી અરજી કરેલ. આ સમયે પણ ગ્રાહક દ્વારા સદર સ્થળે વિજ મીટર હોવાનો અને આ વિજ મીટરમાંથી તેઓ વિજ વપરાશ કરતાં હોવાનો ઉલ્લેખ સુધ્ધા પણ કરવામાં આવેલ ન હતો પરંતુ કચેરીના ધ્યાને આવેલ કે સદર સ્થળે વર્ષ ૨૦૦૪ થી ૨૦૯૯૧૭૧ નંબરનું વિજ મીટર લાગેલ છે જેથી આ વિજ મીટરનો કબજો ચેકીંગ શીટ નં. ૨૩૮૩૫૧ થી તા. ૨૭/૦૮/૧૮ ના રોજ લેવામાં આવેલ અને સ્થળ રોજકામ પણ કરવામાં આવેલ છે. ત્યારબાદ કચેરીનો રેકર્ડ ખરાઈ કરતાં મીટર સ્ટોક રજીસ્ટરમાં આ મીટર અત્રેની કચેરીએથી જે તે સમયે રીકનેકશન થયેલ હોવાનું જાણમાં આવેલ છે. આમ, આ કેસ સ્પષ્ટ રીતે નોન બીલીંગનો હોવાનો અને ગ્રાહક દ્વારા વિજ બીલ ન મળતું હોવા છતાં વર્ષો સુધી વિજ વપરાશ કરેલ હોવાનો સ્પષ્ટપણે જણાય છે.

આમ, ગ્રાહકને આપવામાં આવેલ નોન બીલીંગ કેસના વિજ વપરાશના યુનિટ ૨૫૫૮૩ નું વિજ બીલ રૂા. ૧૭૭૨૦૯.૩૮ પૈસા પૂરાંનું ગ્રાહકે ભરવાપાત્ર થાય છે.

૩.૨ ફોરમ દ્વારા તા.૦૪.૧૦.૧૯ ના રોજ મીટીંગ રાખવામાં આવેલ જે બાબતે ફોરમ દ્વારા સદર કનેક્શન ના મીટરનો લેબરોજકામ કરાવી તેનો રીપોર્ટ રજુ કરવા જણાવેલ જેથી કાલાવડ રોડ સબ ડીવીઝન દ્વારા પત્ર નં-૪૫૩૨ તા.૦૫.૧૦.૧૯ અને પત્ર નં-૪૬૭૨ તા.૧૫.૧૦.૧૯ થી ગ્રાહકશ્રી ને મીટરના લેબ પરીક્ષણ માં ઉપસ્થિત રહેવા જણાવેલ તેમ છતાં ગ્રાહક શ્રી બંને પત્રો માં દર્શાવેલ તારીખ ના રોજ લેબ પરીક્ષણ માં ઉપસ્થિત થયેલ નથી. જેથી આખરે તારીખ ૨૭.૦૮.૨૦૧૯ના રોજ સદર મીટરનું એકતરફી લેબ પરીક્ષણ કરવાની ફરજ પડેલ છે તેનું લેબ રોજકામ કરવામાં આવેલ છે. જેની નકલ તેમજ લેબ પરીક્ષણમાં હાજર રહેવા માટેના પત્રો ફોરમ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી ચંપાબેન જીવરાજભાઈ ટાંક ને શુભધારા કોમ્પ્લેક્ષની ઓફીસ નં.૧૦૫ રાજકોટમાં સીંગલ ફેઇઝ એન.આર.જી.પી. જોડાણ ગ્રાહક નં.૩૯૯૧૫/૦૯૧૬૭/૨ – મીટર નં.૨૦૯૯૧૭૧ કરારીત વીજભાર ૦.૫ કીવોમાં પેન્ડીગ યુનિટ ૨૫૫૮૨ મુજબ રૂપિયા ૧૭૭૨૦૯.૩૮ નું બીલ મૂળ ગ્રાહક શ્રી. વિનોદભાઈ પી દત્તાને પત્ર તા.૨૮.૧૨.૧૮ થી ભરપાઈ કરવા જણાવતા ફરિયાદી અરજદારશ્રી એ સદર વીજ જોડાણ ૨૦૦૪ થી રદ થયેલ છે તેમજ તેઓએ વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૮ સુધી કોઈ વપરાશ કરેલ નથી.જેથી સદર બીલ ની રકમ રદ કરવા અને નવું વીજ જોડાણ મેળવવા અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત બાબતે પી.જી.વિ.સી.એલ પક્ષકાર દ્વારા જણાવેલ કે અરજદાર શ્રી ની રજૂઆત અન્વયે સદર જગ્યામાં કાલાવડ રોડ સબડીવીઝન ના અરજદાર વિનોદ પી. દતા ના નામે ગ્રાહક નંબર-૩૯૯૧૫૦૯૧૬૧૩ થી વાણીજ્ય હેતુ નું ૦.૫ કી.વો.નું વીજ કનેક્શન તા.૨૪.૧૦.૨૦૦૧ થી રીલીઝ કરવામાં આવેલ. સદર વીજ જોડાણના નાણા નિયમિત ન ભરપાઈ થવાના કારણે રૂપિયા ૪૯૦૦ બાકી હોય મીટર તથા સર્વિસ જમા લઈને તા.૦૪.૧૨.૨૦૦૪ થી કાયમી ધોરણે રદ કરવામાં આવેલ. ત્યારબાદ રેકોર્ડ/લેજર મુજબ ગ્રાહક દ્વારા ૧૫.૧૨.૨૦૦૪ ના રોજ રૂપિયા ૬૦૦૦/- પુરા ભરપાઈ કરી આપેલ પરંતુ સીસ્ટમ માં બિલીંગ કોઈપણ કારણસર ચાલુ થયેલ નથી આમ લેજર ના રેકર્ડ મુજબ તા.૧૫.૧૨.૨૦૦૪ થી " X" મુજબ ની સ્થિતિ દર્શાવે છે.

૪.૩ ફરિયાદી અરજદાર ચંપાબેન જીવરાજભાઈ ટાંક દ્વારા તેઓની સદર શુભધારા કોમ્પ્લેક્ષની ઓફીસ નં.૧૦૫ વેચાણ દસ્તાવેજ નં.૧૧૮૭૯ તારીખ ૧૩.૦૭.૧૦ થી ખરીદ કરેલ છે. પરંતુ સદર જગ્યાના વીજ જોડાણ અન્વયે વીજબીલ ન મળવા બાબતે કે નામ-ટ્રાન્સફર કરવા અંગે ની કોઈ કાર્યવાહી કરેલ હોય તેવા કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી.

૪.૪ ફરિયાદી અરજદાર દ્વારા નવું વીજ જોડાણ મેળવવા માટે તારીખ ૧૨.૦૭.૧૮ ના રોજ અરજી કરેલ તે મુજબ જોડેલ આધાર પુરાવા મુજબ સબંધક કચેરી ના રીપોર્ટ મુજબ સદર જગ્યાએ વર્ષ ૨૦૦૪ માં પુનઃ વીજ જોડાણ ચાલુ કરવા સમયે લગાવેલ વીજ મીટર માંથી વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૮ દરમિયાન વીજ વપરાશ કરેલ હોય નોન બિલીંગ નો કેઈસ માલુમ પડેલ છે.

૪.૫ પી.જી.વી.સી.એલ દ્વારા સદર જગ્યામાં શુભ કોમર્શિયલ બિલ્ડીંગ માં દુકાન નં.૧૦૫ માં ચેકિંગ કરતા ત્યાં એક્યુટ ઇન્ફોટેક નું બોર્ડ મારેલ છે જેમાં વીજ વપરાશ ચાલુ છે. જે તે સમયે હાજર પ્રતીનિધિ એ પોતાનું નામ શૈલેશભાઈ ટાંક જણાવેલ તેમજ તેમની પાસેથી વીજ બીલ ની માંગણી કરતા વીજ બીલ રજુ કરી શકેલ નથી તેમજ જણાવેલ કે વર્ષો થી વીજબીલ આવતું નથી સદર દુકાનમાં વાપરતા વીજ વપરાશના મીટરની વિગત નીચે મુજબ છે.

મીટર નં.PMGC 2099171- MAKE – ACTARIS રીડીગ ૨૫૫૮૨.૭ KWH

ઉપરોક્ત વીજ જોડાણ નો ચેકિંગ સીટ નં.૨૩૮૩૫૧ તા. ૨૭.૮.૧૮ મુજબ – ગ્રાહક નં.–૩૯૯૧૫/૦૯૧૬૭/૨ – કોમર્શિયલ વીજજોડાણ – જેમા સરનામુ C/o, ચંપાબેન જીવરાજભાઈ ટાંક – એકયુટ ઈન્ફોટેક ઓફિસ નં.–૧૦૫ અને કનેકશટેડ લોડમા એસ.સી. ૧.૫ ટન, ફેન–૧, ટયુબ–૧, કોમ્પ્યુટર –૧ એમ કુલ મળીને ૨૩૩૮ વોટ દર્શાવેલ છે, જેમા નોંધ મુજબ – વીજમીટર ઉતારવામા આવેલ છે, અને સદર મીટરનો સીઝર મેમો ભરી કબજો લેવામાં આવેલ છે ચેકીગ દરમ્યાન કરાયેલ રોજકામમાં ગ્રાહક ના પ્રતિનીધી શૈલેષભાઈ ટાંક ઉપસ્થિત છે – તેવો ઉલ્લેખ કરેલ છે. પરંતુ ઉપસ્થિત વ્યકિતની સહી મેળવેલ નથી – કે સહી કરવાની ના પાડેલ છે, તેવો ઉલ્લેખ નથી.

૪.૬ ઉપરોક્ત વીજ મીટરનું લેબ પરીક્ષણ માટે સદર ગ્રાહકના સરનામે પત્ર તારીખ ૦૫.૧૦.૧૯ થી જણાવેલ કે સદર મીટર નું લેબ પરીક્ષણ માટે તા. ૧૧.૧૦.૧૯ ના રોજ હાજર રહેવા જણાવેલ પરંતુ સદર ગ્રાહક ઉપસ્થિત રહેતા પત્ર નં. ૪૬૭૨ તા.૧૫.૧૦.૧૯ મુજબ તારીખ ૨૫.૧૦.૧૯ અથવા તા.૦૧.૧૧.૧૯ ના રોજ હાજર રહેવા જણાવેલ અન્યથા એકતરફી લેબ પરીક્ષણ કરવામાં આવશે તેમ છતા મીટરના લેબ પરીક્ષણ માટે અરજદાર ને વધુ એક તા.૦૬.૧૧.૧૯ થી નોટીસ આપેલ તે મુજબ અરજદાર ના પ્રતિનિધિ તા.૦૮.૧૧.૧૯ ના રોજ હાજર રહેલ હતા પરંતુ રોજકામ માં સહી કરવાની ના પાડતા સદર મીટરનું લેબ પરીક્ષણ થઈ શકેલ ન હતું.

ત્યારબાદ એકતરફી તા.૨૨.૧૧.૧૯ ના રોજ મીટરનું લેબ પરીક્ષણ કરવામાં આવશે જેની જાણ સદર ગ્રાહકના સરનામે રજિસ્ટર પોસ્ટ દ્વારા તા.૧૪.૧૧.૧૯ થી જાણ કરેલ. ઉપરોક્ત સદર મીટરનું એકતરફી લેબ પરીક્ષણ તા. ૩૦.૧૧.૧૯ ના રોજ કરવામાં આવેલ તે મુજબ ફાઈનલ રીડીંગ ૨૫૫૮૨.૭ યુનિટ અને મીટરના એક્યુચેક નું રીઝલ્ટ બરાબર જણાયેલ છે.

૪.૭ ઉપરોક્ત સંજોગોમાં સ્પષ્ટ થાય છે કે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર મીટરમાંથી કોના દ્વારા કઈ જગ્યા માં વીજ વપરાશ થયેલ છે તે પુરવાર કરેલ નથી તેમજ સદર કેસ ૧૪ વર્ષ જુનો હોવા છતા મીટર ઉતારવા અંગે ની ફોટોગ્રાફી કરી હોય તેવો પુરાવો ઉપલબ્ધ નથી. તેમજ અરજદારની ઉપસ્થિતીમાં રોજકામ કરવામા આવેલ હોય – તેવો આધારભુત પુરાવો ઉપલબ્ધ નથી.

તેમજ લેજર ના રેકર્ડ મુજબ તા.૧૫.૧૨.૨૦૦૪ થી બિલીંગ "X" મુજબની સ્થિતિ દર્શાવે છે તેમજ ૧૪ વર્ષના સમયગાળામાં એકપણ વખત મીટર ચેકિંગ થયેલ હોઈ તેવી કોઈ માહિતી રજુ કરેલ નથી. તદઉપરાંત ૧૪ વર્ષમાં મીટર રીડર દ્વારા પણ સદર મીટર ઉપલબ્ધ છે પરંતુ બીલ આવતું નથી તે બાબતની કોઈ માહિતી રજુ કરેલ નથી. સદર અરજદાર દ્વારા નવા જોડાણની તા.૧૨–૦૭–૧૮ ના રોજ અરજી કર્યા બાદ – પીજીવીસીએલ દ્વારા તા.૨૭–૦૮–૧૮ ના રોજ નવા જોડાણના સર્વે દરમ્યાન કોમર્શિયલ કોમ્પલેક્ષની કોમન જગ્યાથી જુનુ મીટર મળી આવેલ છે. તદઉપરાંત ૧૪ વર્ષ પહેલા ૨૦૦૪ માં આ જોડાણનુ પીડીસી રી–કનેકશન થયેલ હોય તેવો આધારભુત પુરાવો ઓફિસ રેકર્ડમાં ઉપલબ્ધ નથી.

૪.૮ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૮૪ મા કરાયેલ જોગવાઈ નીચે મુજબ છે. '' કોઈપણ ગ્રાહક પાસે ચુકવણીમાં કસુરને કારણે બાકી નિકળતી રકમ, આવી રકમ પ્રથમ બાકી નિકળે તે તારીખ થી ૦૨ વર્ષની મુદત પછી વસુલવા પાત્ર થશે નહિ, સીવાય કે આવી રકમ, અધિનિયમની કલમ –૫૬ અનુસાર પુરી પાડેલી વીજળી તરીકે સતત દર્શાવવામા આવી હોય''

૪.૯ સદર કેઈસ મા, ફરિયાદી અરજદાર ની રજુઆત મુજબ અને ઉપરોક્ત મુદદા નં. ૪.૭ અને ૪.૮ મુજબ ની વિગતે ૧૪-વર્ષનું બીલ આપી શકાય નહિ. સદર સંજોગોમાં સવાલવાળા મીટરમાં નોંધાયેલ વીજ યુનિટ ને બિલીંગ માહે નવે-ડિસે-૨૦૦૪ થી તા. ૨૭.૦૮.૨૦૧૯ સુધીના બિલીંગ પીરીયડ ને સમાન યુનીટમાં વિભાજીત કરીને સદર બાબતની જાણ થયા તારીખથી એટલેકે ચેકિંગ તા.૨૭.૦૮.૨૦૧૯ થી અગાઉના ૦૨(બે) વર્ષ માટે Proposionate Units ની વિગતવાર ગણતરી કરીને ફોરમની જાણ હેઠળ ૩૦ (ત્રીસ) દિવસમાં રીવાઇઝડ બીલ ઇસ્યુ કરવાની આ તબ્બકે પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામા આવે છે. જે રીવાઈઝ બીલની રકમ અરજદારે નીયમાધીન ભરપાઈ કરવાની રહશે અન્યથા નીયમાધીન કાર્યવાહી કરવી.

૪.૧૦ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદદા નં– ૪.૯ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૧૧ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી) (જે.બી.પારેખ)
સભ્ય (સ્વતંત્ર) ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯